GJSR100003942024

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૮/૦૭/૨૦૨૪ |
| રજીસ્ટ્રેશન તારીખ | ૧૮/૦૭/૨૦૨૪ |
| ચુકાદાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ |
| અવધિ | વર્ષ માસ દિન |
| | ૦૧ ૦૮ ૧૦ |

**ફોજદારી કેસ નં. :– ૩૧૬/૨૦૨૪ સાથે ફોજદારી કેસ નં.૩૫/૨૦૨૫**
**(આંક–૧૮ થી બંને કેસોને સાથે ચલાવવાના હુકમ મુજબ)**
**ચુકાદો આંક :–**

**ફોજદારી કેસ નં. :– ૩૧૬/૨૦૨૪**
**:: નમૂના – અ ::**

| ઉમરપાડાના પ્રિન્સીપાલ સિવિલ જજ તથા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉમરપાડા, જિ.સુરત. | |
|---|---|
| :: ગુનાની વિગત :: | |
| ગુનાની કલમ | ઈ.પી.કો કલમ – ૩૮૦, ૪૫૭, ૧૧૪ તથા મોટર વ્હીકલ એકટ કલમ – ૧૩૫ |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.રજી.નં.૧૧૨૧૪૦૦૨૨૪૦૨૦૨/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | ઉમરપાડા પોલીસ સ્ટેશન, જિ.સુરત |
| ફરિયાદી પક્ષ | શ્રી સરકાર |
| રજૂઆત | એ.પી.પી.શ્રી એસ. જે. વસાવા. |
| આરોપી પક્ષ | : દિનેશ બસ્તીમલ લુહાર<br>રહે. ઈશરો કા બાડીયા, થાના કરેડા, જિ.ભીલવાડા (રાજસ્થાન) |
| રજૂઆત | બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી આર.સી.વસાવા |

**:: નમૂના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૬/૦૫/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૭/૦૫/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૧૮/૦૭/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૩૧/૦૭/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૫/૦૭/૨૦૨૫ |

| | |
|---|---|
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --- |

**ફોજદારી કેસ નં.૩૫/૨૦૨૫**

GJSR100000412025

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૩૦/૦૧/૨૦૨૫ |
| રજીસ્ટ્રેશન તારીખ | ૩૦/૦૧/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ |
| અવધિ | વર્ષ માસ દિન |
| | ૦૧ ૦૧ ૨૮ |

**:: નમૂના – અ ::**

| | |
|---|---|
| **ઉમરપાડાના પ્રિન્સીપાલ સિવિલ જજ તથા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉમરપાડા, જિ.સુરત.** | |
| **:: ગુનાની વિગત ::** | |
| ગુનાની કલમ | ઈ.પી.કો કલમ – ૩૮૦, ૪૫૭, ૧૧૪ તથા મોટર વ્હીકલ એક્ટ કલમ – ૧૩૫ |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.રજી.નં.૧૧૨૧૪૦૦૨૨૪૦૨૦૨/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | ઉમરપાડા પોલીસ સ્ટેશન, જિ.સુરત |
| ફરિયાદી પક્ષ | શ્રી સરકાર |
| રજૂઆત | એ.પી.પી.શ્રી એસ. જે. વસાવા. |
| આરોપી પક્ષ | : શ્રવણ સિંગ પ્રભુસિંગ રાવત<br>રહે.કિનારા કા બાડીયા, રાયરા કલા પંચાયત, તા.સોજત, થાના બગડીનગર, જિ.પાલી (રાજસ્થાન) |
| રજૂઆત | બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી આર.સી.વસાવા |

**:: નમૂના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૬/૦૫/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૭/૦૫/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૩૦/૦૧/૨૦૨૫ |

| | |
|---|---|
| તહોમતનામાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૫/૦૭/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --- |

## **:: આરોપીની વિગત ::**

| આરોપીનું અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | નિર્દોષ છોડ્યુ / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | દિનેશ બસ્તીમલ લુહાર | ૨૨/૦૫/૨૦૨૪ | જામીન મુક્ત | ઈ.પી.કો કલમ- ૩૮૦, ૪૫૭, ૧૧૪ તથા મોટર વ્હીકલ એક્ટ કલમ - ૧૩૫ | નિર્દોષ | - | - |
| ૦૨ | શ્રવણ સિંગ પ્રભુસિંગ રાવત | ૨૩/૦૭/૨૦૨૪ | | | | | |

## **:: જજમેન્ટ ::**

**ફરીયાદ હકીકતનુ ટુંકમાં વર્ણન:-**

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, તા.૧૬/૦૫/૨૦૨૪ ના રોજ કલાક ૦૧:૩૦ વાગ્યાથી કલાક ૦૩:૦૦ વાગ્યાના સમય દરમિયાન આ કામે પકડાયેલ આરોપી નં.(૧) તથા આ કામના વોન્ટેડ આરોપી દેવેન્દ્રસિંગ મોહનસિંગ નાઓ તથા શ્રવણ સિંગ પ્રભુસિંગ નાઓએ મોજે વાડી ગામે વાડીથી ઝંખવાવ જતા નેશનલ હાઈવે નં

.૫૬, ઉપર આવેલ વિજયલક્ષ્મી નાયરા પેટ્રોલપંપની પાછળની દિવાલ કુદી ગેરકાયદેસર રીતે અંદર પ્રવેશ કરી પેટ્રોલપંપની મેનેજરની ઓફીસમાં અપપ્રવેશ કરી અંદર મૂકેલ તિજોરીનો ચપ્પુ વડે લોક તોડી તિજોરીમાં મુકેલ કુલ રૂ.૩,૮૦,૦૦૦/- ની રોકડ રકમની ચોરી કરી લઈ જ એકબીજાની મદદગારી કરી તથા મહે. જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરી ભારતીય ફોજદારી ધારાની કલમ - ૩૮૦, ૪૫૭, ૧૧૪ તથા મોટર વ્હીકલ એકટ કલમ - ૧૩૫ મુજબનો ગુનો કરેલ. જે મતલબની વિગતેની ફરિયાદ, ફરિયાદીનાઓ દ્વારા આપવામાં આવેલ છે. જે ફરીયાદના આધારે, ઉમરપાડા પોલીસ સ્ટેશને આરોપી વિરુધ્ધ ગુન્હો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરુરી પુરાવો એકત્રિત કરી, આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા, હાલનુ ચાર્જશીટ નામ. કોર્ટ, ઉમરપાડા ખાતે રજુ કરેલ છે.

(૨) પોલીસ અહેવાલ રજુ થતાં, હાલના આરોપીઓની સામે હાલનાં કામની ઈન્સાફી કાર્યવાહી માટેના સમન્સ કાઢવામાં આવતા આ કામના આરોપીઓ તેઓના વિ.વ.શ્રી સાથે અદાલત રૂબરૂ ઉપસ્થિત થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ મુજબ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યા બદલની ખાત્રી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડમાં દર્શાવેલ ટ્રાયલ અન્વયે વોરંટ ટ્રાયેબલ મુજબ ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૦ મુજબ (ફો.કેસ નં.૩૧૬/૨૦૨૪) ના કામે આંક-૦૩ થી તથા (ફો.કેસ નં.૩૫/૨૦૨૫) ના કામે આંક-૦૪ થી તહોમતનામું ફરમાવી સદર તહોમતનામાની હકીકત સબ કલોઝ(૨) મુજબ આરોપીને વાંચી સમજાવી સંભળાવીને (ફો.કેસ નં.૩૧૬/૨૦૨૪) ના કામે આંક-૦૪ થી તથા (ફો.કેસ નં.૩૫/૨૦૨૫) ના કામે આંક-૦૫ થી આરોપીઓનું નિવેદન નોંધેલ છે. જેમાં આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતા અને કેસ ચલાવવાની માંગણી કરતા આ કામ ફરીયાદ પક્ષના પુરાવા રજુ કરવા માટે રાખવામાં આવેલ. સદર કેસમાં વિ.એ.પી.પી.શ્રી ધ્વારા આંક-૧૮ થી ફોજદારી કેસ નં. ૩૫/૨૦૨૫ ઉકત ફોજદારી કેસ નં. ૩૧૬/૨૦૨૪ નો પુરવણી કેસ હોઈ પુરાવો સાથે લેવાની અરજી આપતા નામ. કોર્ટે તે મંજુર કરેલ હોઈ, બંને કેસોનો પુરાવો મુખ્ય ફોજદારી કેસ નં. ૩૧૬/૨૦૨૪ માં લેવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**:: નમૂનો ક ::**

**–:: ફરીયાદ પક્ષ તર્ફેનો પુરાવો::–**

**મૌખિક પુરાવો :–**

| અનુ. નં. | વિગત |
|---|---|
| ૦૧ | આંક–૧૯ થી પંચસાહેદ છગનભાઈ હીરાભાઈ કોટવાડીયાની જુબાની |
| ૦૨ | આંક–૨૨ થી પંચસાહેદ દિનેશભાઈ વનજીભાઈ વસાવાની જુબાની |
| ૦૩ | આંક–૨૩ થી પંચસાહેદ રણછોડભાઈ માતમભાઈ ભરવાડની જુબાની |
| ૦૪ | આંક–૨૫ થી પંચસાહેદ મનીષભાઈ સુરેશભાઈ પટેલની જુબાની |
| ૦૫ | આંક–૨૯ થી પંચસાહેદ દિનેશભાઈ રણછોડભાઈ મુધંવાની જુબાની |
| ૦૬ | આંક–૩૧ થી પંચસાહેદ કિશોરભાઈ ભાવસિંગભાઈ ચૌધરીની જુબાની |
| ૦૭ | આંક–૩૭ થી પંચસાહેદ જીતેન્દ્રભાઈ જયંતીલાલ કોરાટની જુબાની |
| ૦૮ | આંક–૩૯ થી પંચસાહેદ નિતીનભાઈ દિનેશભાઈ વકાણીની જુબાની |
| ૦૯ | આંક–૪૨ થી ફરીયાદી ભેરૂલાલ રામસ્વરૂપ ટેપન ની જુબાની |
| ૧૦ | આંક–૪૪ થી સાહેદ ગજેન્દ્રસિંહ હનુભા જાડેજાની જુબાની |
| ૧૧ | આંક–૪૯ થી સાહેદ જયભાઈ ચંદુભાઈ પરમાર ની જુબાની |
| ૧૨ | આંક–૫૧ થી સાહેદ ધવલભાઈ ઉમેદભાઈ ચૌધરીની જુબાની |
| ૧૩ | આંક–૫૪ થી સાહેદ અભિલાશભાઈ કનુભાઈ ચૌધરીની જુબાની |
| ૧૪ | આંક–૫૫ થી સાહેદ પ્રદિપકુમાર રોહિતભાઈ ચૌધરીની જુબાની |
| ૧૫ | આંક–૫૬ થી તપાસ કરનાર અમલદાર અરજણભાઈ દેવાયતભાઈ સાંબડ ની જુબાની |

**દસ્તાવેજી પુરાવો :–**

| અનુ. નં. | વિગત |
|---|---|

| | |
|---|---|
| ૦૧ | આંક–૨૦ તથા આંક–૨૧ થી અસલ આરોપીઓનું અટક / શરીર સ્થિતિ / મુદામાલ રોકડ રકમ કબજે કર્યાનું પંચનામું |
| ૦૨ | આંક–૨૪ થી અસલ ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૦૩ | આંક–૨૬ થી અસલ પેનડ્રાઈવ કબજે કર્યાનું પંચનામું |
| ૦૪ | આંક–૩૭ થી અસલ મુદામાલ રીકવરી અંગેનું પંચનામું |
| ૦૫ | આંક–૪૩ થી ગુનાની અસલ ફરીયાદ |
| ૦૬ | આંક–૫૭ થી અસલ અહેવાલ |
| ૦૭ | આંક–૫૮ થી ફિંગર પ્રિન્ટ એક્ષપર્ટ રીપોર્ટ |
| ૦૮ | આંક–૫૯ થી ગુનાવાળી જગ્યાનું નિરિક્ષણ |
| ૦૯ | આંક–૬૦ થી જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનું હથિયાર બંધીનું જાહેરનામું |

**મુદ્દામાલની વિગત :–**

| અનુ. નં. | વિગત |
|---|---|
| ૦૧ | ચપ્પુ |
| ૦૨ | પાવડાનો હાથો |
| ૦૩ | પેનડ્રાઈવ |
| ૦૪ | રોકડ રકમ રૂ.૨,૦૦,૦૦૦/– |
| ૦૫ | રોકડ રકમ રૂ.૧,૦૦,૦૦૦/– |

**–:: ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વધારાનું નિવેદન ::–**

(૪) ત્યારબાદ ફરીયાદ પક્ષ તર્ફે ઉપરોકત પુરાવા રજૂ કર્યા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.જે.વસાવા નાઓની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષે પુરાવો બંધ થયાનું જાહેર કરતાં આ કામ આરોપીઓના વધારાનાં નિવેદન માટે રાખી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વધારાનું નિવેદન નોંધતા આરોપીઓએ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ખોટો છે અને તેઓ કશું જાણતા નથી તેમ જણાવી તેઓએ સોગંધ ઉપર જુબાની આપવી નથી તેમજ બચાવનાં સાહેદો તપાસવા નથી તેમ જણાવી વિશેષ

હકીકતમાં જણાવેલ છે કે, અમો આરોપીઓ નિર્દોષ છીએ. આથી સદર હકીકત રેકર્ડ કરી આરોપીઓ તર્ફે પુરાવાઓ રજૂ કરવાનો હકક પૂર્ણ થયાનું જાહેર કરી હાલનું કામ બંને પક્ષની આખરી દલીલો ઉપર રાખી ઉભય પક્ષકારો તર્ફે કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**–:: ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૪ મુજબ દલીલ ::–**

(૫) હાલના કામે કાર્યવાહીના પક્ષકારો તરફે તેમનો પુરાવો પૂર્ણ થયા બાદ સબબ કામ દલીલો કરવાના તબકકા ઉપર આવતાં ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓની તેમજ બચાવ પક્ષે વિ.વકીલશ્રી ની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ.

(૬) આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ, તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**–:: ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૦ મુજબનું તહોમતનામું ::–**

**–:: મુદાઓ ::–**

**( આરોપીઓ સામેનો ચાર્જ)**

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, તા.૧૬/૦૫/૨૦૨૩ ના રોજ કલાક ૦૧:૩૦ વાગ્યાથી કલાક ૦૩:૦૦ વાગ્યાના સમય દરમિયાન આ કામે પકડાયેલ આરોપી નં.(૧) તથા આ કામના વોન્ટેડ આરોપી દેવેન્દ્રસિંગ મોહનસિંગ નાઓ તથા શ્રવણ સિંગ પ્રભુસિંગ નાઓએ મોજે વાડી ગામે વાડીથી ઝંખવાવ જતા નેશનલ હાઈવે નં.૫૬, ઉપર આવેલ વિજયલક્ષ્મી નાયરા પેટ્રોલપંપની પાછળની દિવાલ કુદી ગેરકાયદેસર રીતે અંદર પ્રવેશ કરી પેટ્રોલપંપની મેનેજરની ઓફીસમાં અપપ્રવેશ કરી અંદર મૂકેલ તિજોરીનો ચપ્પુ વડે લોક તોડી તિજોરીમાં મુકેલ કુલ રૂ.૩,૮૦,૦૦૦/– ની રોકડ રકમની ચોરી કરી લઈ જ એકબીજાની મદદગારી કરી તથા મહે. જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરી ભારતીય ફોજદારી ધારાની કલમ– ૩૮૦, ૪૫૭, ૧૧૪ તથા મોટર

વ્હીકલ એકટ કલમ – ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**-: નિર્ણય :-**

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.ર આખરી હુકમ મુજબ.

**<u>-: કારણો :-</u>**

(૮) કોઈપણ ફોજદારી પ્રકીયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવતી હોય છે જેમાં આરોપીઓ ને ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીઓની સામેનું આક્ષેપ કર્યા મુજબનું તહોમત પુરવાર ના થાય ત્યાં સુધી આરોપીઓએ સદર ગુન્હો ન કરેલ હોવાનું માની આરોપીઓએ કરેલ ગુન્હામાંથી તેઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપીઓ વિરુદધ કરવામાં આવતા આક્ષેપો નિશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની હોય છે, જે કોઈ પણ સમયે ઓછી થતી નથી. તેની સાથે સાથે જે સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતા હોય, તે કોર્ટમાં સાચું બોલતા હોય, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનું હોય છે. આપણી માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે જુદા જુદા ચુકાદામાં પુરાવાનું વિશ્લેષણ કરવાનું માર્ગદર્શન આપેલ છે. લેખરાજ વિરૂદધ હીમાચલ પ્રદેશ તેમજ અનીસીંગ વિરૂદધ સ્ટેટ ઓફ યુ.પી ના ચુકાદામાં માનનીય સર્વોચ્ચ અદાલતે આપણા દેશની ભૌગોલિક, આર્થિક, સામાજિક પરિસ્થિતિને અનુલક્ષીને સાહેદની જુબાનીનું વિશ્લેષણ કેવી રીતે કરવું જોઈએ તે બાબતે માર્ગદર્શન આપેલ છે અને તે માર્ગદર્શન આપતા માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનું હોય છે કે, કોઈપણ નિર્દોષ માણસને સજા ન થાય પરંતુ તેની સાથે સાથે અદાલતે એ પણ જોવાનું

હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલ ગુનાહીત કૃત્યમાંથી છટકી જવો ન જોઈએ. સર્વોચ્ચ અદાલતે એવી પણ ટકોર કરેલી છે કે, જયારે સાહેદ કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુંટીથી પરિચિત હોતા નથી, આવા સંજોગોમાં તેઓ ઘણી વખત પોતાની જુબાનીમાં વિરોધાભાસ, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે જો ફરીયાદપક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગતતા, વિસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઈએ, પરંતુ આવા અતિરેક, વિસંગતતાના કારણે ફરીયાદ પક્ષના કેસના મૂળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીઓને મળવો જોઈએ.

---

**ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૨ મુજબનો ફરીયાદ પક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો**

**–:: ઓકયુલર એવીડન્સ ::–**

---

(૯) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે સાહેદોની સોગંધ ઉપરની જુબાની અને તેઓની આરોપીઓ તર્ફેના વિ.વ.શ્રી દવારા લંબાણપૂર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે અને આથી સદર સમગ્ર પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ હોવાથી તેઓની ચર્ચા અત્રે કરવામાં આવતી હોવાથી પુનરાવર્તન ટાળવાના હેતુ માત્રથી ફરીયાદી અને સાહેદોની સોગંધ ઉપરની જુબાની અને ઉલટતપાસનું સંપૂર્ણ વર્ણન અત્રે કરવામાં આવેલ નથી.

(૯/૧) ફરિયાદપક્ષે આંક–૧૯ થી પંચસાહેદ છગનભાઈ હીરાભાઈ કોટવાડીયા નાઓને તથા આંક–૨૨ થી પંચસાહેદ દિનેશભાઈ વનજીભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ આંક–૨૦ તથા આંક–૨૧ થી રજૂ શરીર સ્થિતિ / અટક કર્યાના / મુદામાલ કબજે કર્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને વિમુખ સાહેદ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્ર શ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામા મારી સહી કરાવેલી. મારી રૂબરૂમાં કોઈ મુદામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. કોઈ વ્યકિતની મારી રૂબરૂ અટક કરેલ હોય તેવુ બનેલ નથી.

(૯/૨) ફરિયાદપક્ષે આંક–૨૩ થી પંચસાહેદ રણછોડભાઈ માતમભાઈ ભરવાડ નાઓને તથા આંક–૨૯ થી પંચસાહેદ દિનેશભાઈ રણછોડભાઈ મુધંવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ આંક–૨૪ થી રજૂ ગુનાવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને વિમુખ સાહેદ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામા મારી સહી કરાવેલી. પંચનામામાં શુ લખેલુ તેની મને કોઈ જાતમાહીતી નથી.

(૯/૩) ફરિયાદપક્ષે આંક–૨૫ થી પંચસાહેદ મનીષભાઈ સુરેશભાઈ પટેલ નાઓને તથા આંક–૩૧ થી પંચસાહેદ કિશોરભાઈ ભાવસિંગભાઈ ચૌધરી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ આંક–૨૬ થી રજૂ સી.સી.ટી.વી. ફુટેજની પેનડ્રાઈવ કબજે કર્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામા મારી સહી કરાવેલી. મારી રૂબરૂ કોઈ ચીજવસ્તુ કબજે કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી.

(૯/૪) ફરિયાદપક્ષે આંક–૩૭ થી પંચસાહેદ જીતેન્દ્રભાઈ જયંતીલાલ કોરાટ નાઓને તથા આંક–૩૯ થી પંચસાહેદ નિતીનભાઈ દિનેશભાઈ વકાણી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ આંક–૩૮ થી રજૂ મુદામાલ રોકડ રકમ કબજે કર્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામા મારી સહી કરાવેલી. પોલીસે મારી હાજરીમાં કોઈ આરોપીની અટક કરી હોય તેની પાસેથી મુદામાલમાં રોકડ રકમ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી.

(૯/૫) ફરિયાદપક્ષે આંક–૪૨ થી ફરીયાદી ભેરૂલાલ રામસ્વરૂપ ટેપન નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજ થી દોઢેક વર્ષ પહેલા બનેલો. બનાવ વાડી ગામમાં આવેલ નાયરા પેટ્રોલપંપે બનેલો. નાયરા પેટ્રોલપંપની ઓફિસમાંથી સાડા ત્રણ લાખ રૂપિયાની ચોરી થયેલી. બનાવના બીજે દિવસે સવારે મને મનેજર જયભાઇનાઓએ ફોનથી બનાવની જાણ કરેલી હતી. તેઓએ મને જાણ કરેલી હતી કે આપણા પેટ્રોલપંપ પર ફિલ્ડર તરીકે નોકરી કરતા ત્રણ વ્યકિતઓએ ચોરી કરેલ છે જે પેટ્રોલપંપ પર લાગેલ સી.સી.ટી.વી. કેમેરામાં દેખાયલ છે જેથી તમો પેટ્રોલપંપ પર આવો. જેથી હું પેટ્રોલપંપ પર ગયેલ હતો. ત્યાં જઇને જોયું તો ઓફિસનું લોક તોડેલુ હતુ અને અંદરથી પૈસા ચોરાયેલા હતા. બનાવ અંગેની ફરીયાદ મે ઉમરપાડા પોલીસ સ્ટેશનને નોંધાવેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જે જોઇને કહું છું કે તેમાં ફરીયાદ આપનાર તરીકે મારી સહી છે જે ઓળખી બતાવું છું. જેને રજુ દાખલ આંક–૪૩ આપવામાં આવે છે. હું આરોપીઓને જોયેથી ઓળખતો નથી. મને ચોરી થયેલ રકમની રીકવરીમાંથી રૂા. ૨,૦૦,૦૦૦/– પરત મળી ગયેલ છે.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે હું મારા ઘરે હાજર હતો. બનાવની જાણ મને ફોન દ્વારા થયેલી. મે ફરીયાદમાં આરોપીઓના નામ સરનામા જણાવેલ નથી.

(૯/૬) ફરિયાદપક્ષે આંક–૪૪ થી સાહેદ ગજેન્દ્રસિંહ હનુભા જાડેજા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજ થી દોઢેક વર્ષ પહેલા બનેલો. બનાવ વાડી ગામમાં આવેલ નાયરા પેટ્રોલપંપે બનેલો. નાયરા પેટ્રોલપંપની ઓફિસમાંથી સાડા ત્રણ લાખ રૂપિયાની ચોરી થયેલી. બનાવના બીજે દિવસે સવારે મને મનેજર જયભાઇનાઓએ ફોનથી બનાવની જાણ કરેલી હતી. તેઓએ મને જાણ કરેલી હતી કે આપણા પેટ્રોલપંપ પર ફિલ્ડર તરીકે નોકરી કરતા ત્રણ વ્યકિતઓએ ચોરી કરેલ છે જે પેટ્રોલપંપ પર લાગેલ સી.સી.ટી.વી. કેમેરામાં દેખાયલ છે જેથી તમો પેટ્રોલપંપ પર આવો. જેથી હું પેટ્રોલપંપ પર ગયેલ હતો. ત્યાં જઇને જોયું તો ઓફિસનું લોક તોડેલુ હતુ અને અંદરથી પૈસા ચોરાયેલા હતા. બનાવ અંગેની ફરીયાદ મે ઉમરપાડા પોલીસ સ્ટેશનને નોંધાવેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જે જોઇને કહું છું કે તેમાં ફરીયાદ આપનાર તરીકે મારી સહી છે જે ઓળખી બતાવું છું. જેને રજુ દાખલ આંક–૪૩ આપવામાં આવે છે. હું આરોપીઓને જોયેથી ઓળખતો નથી. મને ચોરી થયેલ રકમની રીકવરીમાંથી રૂા. ૨,૦૦,૦૦૦/– પરત મળી ગયેલ છે.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે હું કામરેજ મુકામે હાજર હતો. બનાવની જાણ મને ફોન દ્વારા થયેલી. મે પોલીસ રૂબરના નિવેદનમાં આરોપીઓના નામ જણાવેલ નથી.

(૯/૭) ફરિયાદપક્ષે આંક–૪૯ થી સાહેદ જયભાઈ ચંદુભાઈ પરમાર નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ૨૦૨૪ની પાચમાં મહીના માં બનેલો. તે વખતે હુ વાડી ગામે વિજયલક્ષ્મી નાયરા પેટ્રોલ પંપ પર ફરજ પર હતો. હુ તે દિવસે રાતના દસ વાગ્યા સુધી જાગતો હતો અને પછી સુઈ ગયેલો.તે વખતે પેટ્રોલ પંપ પર ફીલીંગ કરતા માણસો અને પેટ્રોલ ગાડીના ડ્રાઈવર હાજર હતા. ત્યારબાદ રાત્રે બે–થી ત્રણના ગાળામાં ઓફીસ માંથી રૂ.૩,૮૦,૦૦૦/– ની ચોરી થયેલ.ત્યારબાદ બીજા દિવસે સવારે હિસાબ લેવા ગયો ત્યારે નવ સાડા નવ વાગે ઓફીસના લોકર માં જોયુ તો પૈસા ન હોતા અને લોકર નુ હેંડલ ખુલેલું હતુ અને તેમા ચપ્પુ પડેલુ હતુ.ત્યારબાદ મે સદર બનાવ ની જાણ ફોન થી પોલીસ સ્ટે. જાણ કરેલી.ત્યારબાદ અમો તથા પોલીસ સ્ટેશનના આવેલા માણસોએ કેમેરા ચેક કરતા તેમજ ઓફીસથી ઉપરથી જોતા પરંતુ ખબર પડેલી નહી. કુટેજમા જે વ્યકિત દેખાયલ તેને જોઈથી ઓળખી ના શકું.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલ પંપ પર ચોવીસ કલાક લોકોની અવર જવર રહેતી હોય છે. બનાવની જાણ બીજ દિવસે સવારે થયેલી. પોલીસે મારૂ નામઠામ પુછેલ બીજુ કાંઈ પુછેલ નથી.

(૯/૮) ફરિયાદપક્ષે આંક–૫૧ થી સાહેદ ધવલભાઈ ઉમેદભાઈ ચૌધરી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજ થી બે ત્રણ વર્ષ પહેલા બનેલો. તે વખતે હુ વાડી ગામે ન્યારા પેટ્રોલ પંપ પર ફરજ પર હતો. હુ તે દિવસે રાતના બાર થી એક વાગ્યા સુધી જાગતો એને સુઈ ગયેલો. તે વખતે પેટ્રોલ પંપ પર પ્રદીપભાઈ અને અભિલાશભાઈ તેમજ પેટ્રોલના ટેંકરવાળા ભાઈ હાજર હતા. ત્યારબાદ રાત્રે બે થી ચાર ના ગાળામાં ઓફીસ માંથી પૈસાની ચોરી થયેલ.ત્યારબાદ હુ સાત થી સાડા સાત ના ગાળામા ઘરે જવા નીકડી ગયેલો.મને બનાવ ની જાણ જયભાઈ દ્રારા કરેલી. જેથી હુ ફરજ પેટ્રોલ પંપ પર ગયેલો. ત્યા પેટ્રોલ પંપ પર જયભાઈ અને બીજા માણસો સીસી ટીવી કેમેરા ચેક કરતા હતા. તેમા જયભાઈ એ બુકાની બાંધેલા અમુક ઈસમોને ચોરી કરતા જોયેલા. પેટ્રોલ પંપ પરથી કોન ચોરી કરી ગયેલા એ ખબર નથી. સીસી ટીવી કુટેજ મા જે માણસો હતા એને ઓળખી નહી શકુ.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલ પંપ પર ચોવીસ કલાક લોકોની અવર જવર રહેતી હોય છે. બનાવની જાણ બીજ દિવસે સવારે થયેલી. પોલીસે મારૂ નામઠામ પુછેલ બીજુ કાંઈ પુછેલ નથી.

(૯/૯) ફરિયાદપક્ષે આંક–૫૪ થી સાહેદ અભિલાશભાઈ કનુભાઈ ચૌધરી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી બે વર્ષ પહેલા બનેલો. તે વખતે હુ વાડી ગામે ન્યાયરા પેટ્રોલ પંપ પર ફરજ બજાવતો હતો. બનાવ પેટ્રોલ પંપ પરથી પૈસાની ચોરીનો બન્યો હતો. બનાવ બન્યો ત્યારે હું મારા ઘરે હતો બનાવની જાણ મને મેનેજર જયભાઈ પરમારે કરેલી. સદરહું સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની

પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલ પંપ ચોવીસ કલાક લોકોની અવર જવર રહેત હોય છે. બનાવની જાણ બીજા દિવસે થયેલી. પોલીસે મારૂ નામઠામ પુછેલ બીજુ કાંઈ પુછેલુ નહી.

(૯/૧૦) ફરિયાદપક્ષે આંક–૫૫ થી સાહેદ પ્રદિપકુમાર રોહિતભાઈ ચૌધરીનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી દોઢેક વર્ષ પહેલા બનેલો. હુ પેટ્રોલ પંપ પર કામ કરતો હતો. હું રાત્રે એક–દોઢ વાગ્યા સુધી જાગતો હતો. ત્યારબાદ હુ સુઈ ગયો હતો અને ત્યારબાદ સવારે પાંચ વાગે હું જાગી ગયો હતો અને પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરવાનુ કામ કરતો હતો. ત્યારબાદ બપોરે પેટ્રોલ પંપ પર પોલીસ આવેલી ત્યારે જાણ થયેલી કે ઓફીસમાંથી પૈસાની ચોરી થયેલ છે. સદરહું સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતીથી તેઓને વિમુખ સાહેદ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલ પંપ ચોવીસ કલાક લોકોની અવર જવર રહેત હોય છે. બનાવની જાણ બીજા દિવસે થયેલી. પોલીસે મારૂ નામઠામ પુછેલ બીજુ કાંઈ પુછેલુ નહી.

(૯/૧૧) ફરિયાદપક્ષે આંક–૫૬ થી તપાસ કરનાર અમલદાર અરજણભાઈ દેવાયતભાઈ સાંબડ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૭/૦૫/૨૦૨૪ ના રોજ હું ઉમરપાડા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે મારી ફરજ પર હાજર હતો. તે વખતે ફરીયાદી ભેરૂલાલ રામસ્વરૂપ ટેપન રહે. કામરેજનાઓ આવી પોતાના પેટ્રોલપંપ પર રૂા. ૩,૮૦,૦૦૦/– ની રોકડ રકમની ચોરી બાબતે તેમના લખાવ્યા મુજબની ફરીયાદ અમારા રૂબરૂની લઇ દાખલ કરી અને

આગળની તપાસ પો.સ્ટે. અમલદારનાઓએ અમોને સોપતા તે સંભાળી લઇ અમોએ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બે પંચોની હાજરીમાં કરેલું. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા. ત્યારબાદ સાહેદ જયભાઈ ચંદુભાઈ પરમારનાઓ પાસેથી ગુનાવાળા સમયની પેટ્રોલપંપની સી.સી.ટી.વી. ની ફુટેજની પેનડ્રાઇવ બનાવની તેઓ રજુ કરતા હોય બે પંચોની હાજરીમાં વિગતવારનું પંચનામુ કરી પેનડ્રાઇવ કબજે કરેલી. ત્યારબાદ ગુનાવાળી જગ્યાએ હેડકવાટર્સ સુરત ખાતેથી ડોગ હેન્ડરલશ્રી આવી ગુનાનું નિરક્ષણ કરી આહેવાલ આપતા ગુનાના કામે સામેલ રાખેલ. જે આજ રોજ મને બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે મે તપાસના કામે મળવેલ તે જ અહેવાલ છે. અસલ અહેવાલને રજુ દાખલ આંક–૫૭ આપવામાં આવે છે. ત્યારબાદ એફ.એસ.એલ માંથી ફિંગર પ્રિન્ટ એક્ષેપર્ટએ ગુનાવાળી જગ્યાએ નિરીક્ષણ કરી પરીક્ષણ અભિપ્રાય સર્ટિ. આપતા વંચાણે લઇ ગુનાના કામે સામેલ રાખેલ. જે આજ રોજ મને બતાવવામાં આવે છે તે જોઇને કહું છું કે તે મે તપાસના કામે મળવેલ તે જ પરીક્ષણ અભિપ્રાય સર્ટિ. છે. અસલ પરીક્ષણ અભિપ્રાય સર્ટિ.ને રજુ દાખલ આંક–૫૮ આપવામાં આવે છે. ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારી સુરતનાઓએ ગુનાવાળી જગ્યાએ નિરીક્ષણ કરી પરીક્ષણ અહેવાલ આપતા વંચાણે લઇ ગુનાના કામે સામેલ રાખેલ. જે આજ રોજ મને બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે મે તપાસના કામે મળવેલ તે જ અહેવાલ છે. અસલ અહેવાલને રજુ દાખલ આંક–૫૯ આપવામાં આવે છે. ત્યારબાદ એલ.સી.બી. સુરતનાઓએ આરોપી પકડી મુદ્દામાલ સાથે સી.આર.પી.સી. કલમ–૪૧(એ) (આઈ) મુજબ આરોપી કામરેજ પો.સ્ટે.ને સોપતા કામરેજ પો.સ્ટે.થી આરોપી તથા મુદ્દામાલનો કબજો લઇ આરોપીની ગુનાના કામે અટક કરી તેનું શરીરસ્થિતિનું પંચનામુ બે પંચોની હાજરીમાં કરી મુદ્દામાલ કબજે કરવામાં આવેલો. તેમજ એલ.સી.બી. સુરતનાઓએ આરોપીની અટક કર્યા અંગેનું તથા મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ મેળવી તપાસન કામે સામેલ રાખેલ. જે અસલ પંચનામુ બતાવવવામાં આવે છે જે જોઇને કહું છું તે મને તપાસના કામે મળેલ તે જ છે. ત્યારબાદ આરોપીને સમયમર્યાદામાં નામદાર કોર્ટમાં હાજર કરી રિમાન્ડ માંગવામાં આવ્યા. ત્યારબાદ પકડવાના બાકી આરોપીની તપાસ કરવામાં આવેલી. બનાવવાળા દિવસે જિલ્લા મેજેસ્ટ્રેટ સાહેબશ્રીનું હથિયાર બંધીનું જાહેરનામું ગુનાના કામે સામેલ રામેલ જે આજ રોજ રજૂ કરૂ છું, જેને રજૂ દાખલ આંક–૬૦ આપવામાં આવે છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતે પુરાવો આવતા નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવે છે. ત્યારબાદ નાસ્તો ફરતે આરોપી શ્રવણસિંગ પ્રભુસિંગ રાવતની બાતમી આધારે ગુનાના કામે અટક કરી તેઓનું શરીર સ્થિતિનું પંચનામું કરી. તેની પાસેથી મુદ્દામાલ રોકડ રૂા. ૧,૦૦,૦૦૦/– કબજે કરવામાં આવ્યા. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવા આવતા નામદાર અદાલતમાં

પુરવણી ચાર્જશીટ દાખલ કરવામાં આવેલું. આરોપીઓને જોયેથી ઓળખું છું. જે આજ રોજ નામદાર કોર્ટમાં હાજર નથી. બચાવપક્ષે આરોપીનો માફી રિપોર્ટ હોય ઓળખની તકરાર જતી કરેલ છે.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલ પંપ ચોવીસ કલાક લોકોની અવર જવર રહેતી હોય છે. આ કામે આપેલી ફરિયાદમાં આરોપીના નામ સરનામા જણાવવામાં આવેલ નથી. ઈલેકટ્રોનિકસ પુરાવા બાબતેનુ પ્રમાણપત્ર પેટ્રોલપંપના અધિકૃત કર્મચારી પાસેથી મેળવેલ હોય તેવુ બનેલ નથી.

---

**:: ભારતિય પુરાવા અધિનિયમની કલમ–૩ મુજબ રેકર્ડ પર આવેલ પુરાવાનું સર્વગ્રાહી મૂલ્યાંકન ::**

---

(૧૦) આમ, ઉપરોકત મુજબનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. ફરીયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં, આ કામના આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિધ્ધાંત એ છે કે, આરોપીઓ સામેનો ગુનો ફરિયાદપક્ષે નિશંકપણે પુરવાર કરવો જોઈએ અને જયાં સુધી ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ શંકાથી પર સાબિત ન કરે ત્યાં સુધી આરોપીઓ નિર્દોષ છે તેવું અનુમાન કોર્ટે કરવું જોઈએ. હાલના આ કેસ સંબંધિત ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મૂલ્યાંકન શબ્દની અસરકારક કાનૂની છણાવટ કરતાં ''પુરાવાનું મૂલ્યાંકન શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઈ પણ કાનુની સમપ્રિત નિયમો નથી. કારણ કે પુરાવાનું મૂલ્યાંકન એક ભાવાત્મક પ્રકિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલીત છે. જયારે પુરાવાના મૂલ્યાંકન વિશે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનિયમની કલમ–૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે, સાબીત તથા નાસાબીત શબ્દો વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકિકતનું અસ્તીત્વ કે બીનઅસ્તીત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો ભાગ છે. આમ, પુરાવાના મૂલ્યાંકન સંબંધીત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં, આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્વારા સાબિત થયેલ હોય

તો આરોપીઓના ગુનાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્વારા સાબીત થયેલ ન હોય તો આરોપીઓને કસૂરવાન ઠેરવી શકાય નહિં. આમ, ફરીયાદપક્ષના પુરાવાથી આક્ષેપિત ગુનો સાબીત કરે નાસાબીત થયેલાની પ્રક્રિયાએ પુરાવાનું મૂલ્યાંકનનો ભાગ છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકિકતો શંકાથી પર રહી સાબીત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપીઓ ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપીઓ પરનું તહોમત નિશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે.

(૧૧) ઉપરોકત હકીકતે ફરીયાદપક્ષે રજુ પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો, ફરીયાદપક્ષે આંક–૪૨ થી ફરીયાદી ભેરૂલાલ રામસ્વરૂપ ટેપન નો પુરાવો વંચાણે લેતાં, તેઓ ધ્વારા બનાવમાં નાયરા પેટ્રોલ પંપની ઓફીસમાંથી સાડા ત્રણ લાખની ચોરી થયેલ હોવાની હકીકત જણાવેલ છે અને તે બાબતે તેઓએ ફરિયાદ આપેલ હતી. જે ફરિયાદ આંક–૪૩ થી રજૂ છે તેમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવેલ છે. બાદ સી.સી.ટી.વી. ચેક કરતા ચોર ઈસમો દેખાય હોવાનુ જણાવેલ છે. ચોરી કરનાર આરોપીઓને ઓળખતા નથી તેમ જણાવેલ છે તથા રીકવરી રકમ રૂ.૨,૦૦,૦૦૦/– તેઓને પરત મળી ગયેલ હોવાનું જણાવેલ છે. સદર ફરિયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા, બનાવની જાણ ફોન ધ્વારા થયેલી. આમ, સદર ફરિયાદી ધ્વારા આ કામના આરોપીઓએ તેઓના પેટ્રોલ પંપ પર રાત્રિ દરમિયાન રૂ.૩,૫૦,૦૦૦/– રોકડ રકમની ચોરી કરેલ હોય તેમ નજરે જોયેલ નથી કે સી.સી.ટી.વીમાં ઓળખ કરેલ નથી કે ઓળખ પરેડ કરાવેલ હોય તેવુ બનેલ નથી. આમ, ફરીયાદીએ આરોપીઓની ઓળખી બતાવેલ નથી.જેથી સદર ફરિયાદીનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૧૨) સદર બનાવ સમયે કોઈપણ સાહેદ બનાવ સ્થળે હાજર ન હોય ત્યારે આરોપીઓની ગુનાના કામે અટક થયા અંગે તેમજ મુદામાલ કબજે કર્યા

અંગે કરવામાં આવેલ પંચનામા અનુસંધાનેના પંચસાહેદોનો પુરાવો મહત્વનો થઈ રહે છે. ફરિયાદપક્ષે આંક–૨૦ તથા આંક–૨૧ થી અસલ આરોપીઓનું અટક / શરીર સ્થિતિ / મુદામાલ રોકડ રકમ કબજે કર્યાનું પંચનામું તથા આંક– ૩૭ થી અસલ મુદામાલ રીકવરી અંગેના પંચનામા અનુસંધાને તપાસવામાં આવેલ પંચસાહેદો પંચનામામાં માત્ર સહી ઓળખી બતાવેલ છે પરંતુ, પંચનામાની હકીકતને સમર્થનકારી કોઈ હકીકત જણાવેલ નથી. આમ, સદરહું પંચસાહેદોના પુરાવાથી આરોપી પાસેથી ગુનામાં ચોરી થયેલ રોકડ રકમ મુદામાલ કબજે કર્યાનું પંચનામું પુરવાર થયેલ નથી. ફરિયાદપક્ષે આંક–૨૬ થી અસલ સી.સી.ટી.વી. ફુટેજ અંગેની પેનડ્રાઈવ કબજે કર્યાનું પંચનામું રજૂ રાખેલ છે. સદર પંચનામા અનુસંધાને તપાસવામાં આવેલ પંચસાહેદો ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે તેવી કોઈ જ પેનડ્રાઈવ હાલના કામે અત્રેની કોર્ટમાં રજૂ રાખેલ નથી કે તે સબબનુ ભારતીય પુરાવા અધિનિયમનું જરૂરી સર્ટીફીકેટ હાલના કામે સામેલ રાખેલ નથી જેથી ઈલેકટ્રોનીકસ પુરાવો એડમીશીબલ ન હોઈ, ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે નહી.

(૧૩) ફરિયાદપક્ષે આંક–૪૪ થી સાહેદ ગજેન્દ્રસિંહ હનુભા જાડેજા, આંક–૪૯ થી સાહેદ જયભાઈ ચંદુભાઈ પરમાર, આંક–૫૧ થી સાહેદ ધવલભાઈ ઉમેદભાઈ ચૌધરી, આંક–૫૪ થી સાહેદ અભિલાશભાઈ કનુભાઈ ચૌધરી, આંક–૫૫ થી સાહેદ પ્રદિપકુમાર રોહિતભાઈ ચૌધરી નાઓને તપાસેલ છે. ઉપરોકત તમામ સાહેદો ધ્વારા બનાવમાં ચોરી થયેલ હોવાની હકીકત જણાવેલ છે, પરંતુ બનાવની જાણ તેઓને ફોનથી / બીજા દિવસે થયેલ હોવાની હકીકત જણાવેલ છે. આમ, સદર સાહેદોના પુરાવાથી બનાવમાં આરોપીઓએ જ ચોરી કરેલ હોવાની હકીકત રેકર્ડ પર આવી શકે તેમ નથી. સદર સાહેદોનો પુરાવો હિયરસે સ્વરૂપનો થઈ રહે છે. જેથી ફરિયાદપક્ષને સીધો મદદરૂપ થઈ શકે તેમ નથી. આ કામના સાહેદ આંક–૪૯ થી જયભાઈ ચંદુભાઈ પરમારનાઓ કે જેઓનુ નિવેદન ધ્યાને લેતાં સી.સી.ટી.વી ફુટેજમાં આરોપીઓને ઓળખી બતાવેલ છે તેવુ જણાવેલ છે પરંતુ તેમનુ કોર્ટ સમક્ષનુ નિવેદન ધ્યાને લેતાં તેઓ જણાવેલ છે કે, આરોપીઓને તેઓ ઓળખતા નથી કે જોયેલ નથી. આમ, તેઓ નાયરા પેટ્રોલપંપ કે જે બનાવવાળી જગ્યા છે ત્યાં મેનેજર તરીકેની નોકરી કરતા હતા તેમ છતાં આ કામના

આરોપીઓને ઓળખતા નથી તેવી હકીકત સોગંદ પર જણાવેલ હોઈ, હાલના આરોપીઓએ જ ગુનો કરેલાનું ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી.

(૧૪) વધુમાં, ફરિયાદપક્ષે આંક–૫૬ થી તપાસ કરનાર અમલદાર અરજણભાઈ દેવાયતભાઈ સાંબડ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ ધ્વારા ફરિયાદ મુજબ ગુનાની તપાસ કરેલ અને પંચનામાઓ કરેલ છે તથા ડોગ સ્કવોડ થકી બનાવવાળી જગ્યાની તપાસ કરાવેલ, એફ.એલ.એલ. ફિંગર પ્રિન્ટ તપાસ કરાવેલ, સ્થળ પરીક્ષણ અહેવાલ કરાવેલ અને સાહેદોના નિવેદન નોંધેલ છે. ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે. સદર પોલીસ સાહેદની જુબાનું મુલ્યાંકન કરતાં સી.સી.ટી.વી. ફુટેજને એફ.એસ.એલ.માં મોકલેલ હોય તેવુ જણાઈ આવતુ નથી તથા ડોગ સ્કવોડ થકી બનાવવાળી જગ્યાની તપાસ, એફ.એલ.એલ. ફિંગર પ્રિન્ટ તપાસ, સ્થળ પરીક્ષણ અહેવાલ આધારે હાલના આરોપીઓની સંડોવણી સાબિત થતી નથી. વધુમાં સી.સી.ટી.વી. ફુટેજ આધારે આરોપીઓની ઓળખ પરેડ કરવામાં આવેલ નથી. સદર તપાસ કરનાર અમલદાર ધ્વારા કઈ તપાસ અથવા કયા સાહેદના નિવેદન આધારે હાલના કામના આરોપીઓને અટક કરેલ છે તે અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. વધુમાં કબજે કરેલ ઈલેકટ્રોનીક પુરાવા સંબંધે પુરાવા અધિનિયમ મુજબનું પ્રમાણપત્ર રજૂ રાખેલ નથી. જેથી સદર પુરાવાને ગ્રાહય રાખી શકાય નહી. આમ, રેકર્ડ પરના પુરાવાનુ સર્વગ્રાહી મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી ધ્વારા અદાલત સમક્ષ સોગંદ પરનો પુરાવો અને આંક–૪૩ વાળી ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. વધુમાં, સદર નાયરા પેટ્રોલ પંપ હાજર મેનેજર અને કર્મચારીઓએ પણ ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ નથી તેમજ આ કામના તપાસ કરનાર અમલદારનાઓએ આ કામે પેનડ્રાઈવનુ પંચનામુ રજુ રાખેલ છે પરંતુ તે સબબનું ભારતીય પુરાવા અધિનિયમ મુજબનુ મેન્ડેટરી પ્રમાણપત્ર સામેલ રાખેલ ન હોઈ સદર ઈલેકટ્રોનીકસ પુરાવાને ગ્રાહય રાખી શકાય નહી. આમ, આરોપીઓ ઉપર મુકવામાં આવેલ તહોમત ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોઈ, હાથ પરના પુરાવાના આધારે આરોપીઓને કસુરવાન ઠેરવી શકાય નહી.

(૧૫) હાલના કામે તપાસવામાં આવેલ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતાં આરોપીઓને બનાવ સમયે ચોરી કરતા નજરે જોયેલ હોય તેવા કોઈ સાહેદનો પુરાવો હાલના કામે રજૂ થયેલ નથી તેમજ આરોપીઓની કબૂલાત રજૂ પંચનામા અનુસંધાને પંચો રૂબરૂ પણ કરવામાં આવેલ હોય તો તે સંદર્ભે પંચો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં નથી. આમ, આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ કબૂલાતને સમર્થન કરતો કોઈ પુરાવો રજૂ થયેલ નથી. તે સંજોગોમાં આરોપીઓની પોલીસ સાહેદો તથા તપાસ કરનાર અમલદાર સમક્ષની કબૂલાતને ધ્યાને લઈ તેઓ ફરિયાદ મુજબના ચોરીના બનાવમાં સંડોવાયેલ છે તેમ કહી શકાય નહી અને તેથી આરોપીઓ ધ્વારા પોલીસ સમક્ષ કરવામાં આવેલ કબૂલાત ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. નામદાર સુપ્રિમ કોર્ટ **Bhagwan Sinh v/s State of Rajasthan, reported in AIR 1976 SC 985,** has held that if everything is done by the police officer, it would be an infirmity in the case which is bound to reflect on the credibility of the prosecution.

(૧૬) હાલના કામે આરોપીઓ વિરૂધ્ધ ચોરીના ગુનાનો આક્ષેપ છે અને આરોપીઓ મુદ્દામાલ સાથે મળી આવેલ હોવાનું ફરીયાદપક્ષનું કહેવાનું હોય તે સંજોગોમાં મુદ્દામાલ કબજે કરવા સંબંધી કરવામાં આવેલ પંચનામાના કથનો સાબિત કરવા તથા રીકવરી સાબિત કરવા પંચો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરે તે ખૂબ જરૂરી બની રહે છે, પરંતુ હાલના કેસમાં પંચો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. ઉલટ પંચોના પુરાવા પરથી જણાય આવે છે કે, પંચોને પોલીસ સાથે કોઈ જગ્યાએ જવાનું થયેલ નથી. તે સંજોગોમાં તમામ પોલીસ સાહેદો ફરિયાદપક્ષને અનુરૂપ પુરાવો આપેલ હોવા છતાં રીકવરીની સાબિતીના અભાવે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તે સંજોગોમાં મળી આવેલ મુદ્દામાલ આરોપીઓના કબજામાંથી મળી આવેલ હોય તે મહત્વની હકીકત સાબિત થતી નથી. આ ઉપરાંત **નામ. ગુજરાત હાઈકોર્ટે સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ રઈજીભાઈ ચતુરભાઈ ૧૯૬૦ જી.એલ.આર. ૭૭** માં ઠરાવેલ છે કે, સર્ચ સમયે પંચની હાજરી જરૂરી છે અને પંચ ફરિયાદપક્ષને જો સમર્થન ના આપતાં હોય ત્યારે પોલીસ અધિકારીની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરટીવ

પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત પોલીસ અધિકારીની જુબાની પર આધાર રાખી સજા કરી શકાય નહી. આરોપીઓ સામે ફરીયાદપક્ષે જે ચોરીનો આક્ષેપ કરેલ છે તે અનુસાર રેકર્ડ પરની હકિકતોને ધ્યાને લેતાં, સદર ગુનામાં સ્વતંત્ર સાહેદનું સમર્થન જરૂરી હોવાનું જણાઈ આવે છે. સાહેદોના કથન અનુસાર તેઓ બનાવ વાળા સ્થળે પંચોને લઈને ગયેલ હોવાનું જણાવવામાં આવેલ છે. પરંતુ આ કામે તપાસવામાં આવેલ પંચો તે મુજબની હકિકતને સમર્થન કરતાં ન હોય, માત્ર પોલીસ સાહેદોની જુબાનીથી આરોપીઓને આ ગુનામાં સાંકળી શકાય તે મુજબના પુરાવા પર આધાર રાખી શકાય તેમ નથી.

(૧૭) વધુમાં, સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, હાલના આરોપી દ્ધારા પોલીસ તપાસ દરમ્યાન પોલીસ અમલદાર સમક્ષ કરેલ કબુલાત સિવાય હાલના ગુનામાં સાંકળે તેવો અન્ય કોઈ પુરાવો નથી ત્યારે ભારતીય પુરાવા અધિનિયમ, કલમ-૫ તથા કલમ-૨૫ વંચાણે લેવી જરૂરી છે. કલમ-૫ વંચાણે લેતાં, ફરીયાદપક્ષ કાર્યવાહીમાં "**મુદ્ધા માહેની**" પ્રત્યેક "હકીકત" તથા એવી અન્ય હકીકતો કે જે **અત્રે હવે** પછી "**પ્રસ્તુત**" ઘોષિત કરવામાં આવી છે, તેના અસ્તિત્વ કે બિન અસ્તિત્વ વિશે પુરાવો આપી શકશે અને "**અન્ય કોઈ વિશે નહીં.**" એટલે કે કલમ-૬ થી ૫૫ માં જે હકીકતો "**પ્રસ્તુત હકીકત**" છે તે જ પુરાવો સ્વીકાર્ય બને અને તે યોગ્ય પદ્ધતિથી રજુ કરવામાં આવે તે ગ્રાહ્ય બને. કલમ-૨૫ મુજબ "એક વ્યક્તિ" કે જે કોઈ ગુન્હાનો આરોપી હોય, તેની વિરુદ્ધ પોલીસ અધિકારીને કરવામાં આવેલ કબુલાત "**સાબિત**" કરી શકાશે નહીં, જેથી આ કામે આરોપી દ્ધારા પોલીસ અમલદાર સમક્ષ પોલીસ તપાસ દરમ્યાન કરવામાં આવેલી કબુલાત પ્રસ્તુત ન હોય તેઓની વિરુદ્ધ સાબિત કરી શકાય નહીં. આ સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલતનો નીચેનો વિખ્યાત ચુકાદો લક્ષમાં લેવો જરૂરી છે કે જેમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૨૪, ૨૫, ૨૬ તથા ૨૭ ની વિગતવારની ઉંડાણપુર્વકની ચર્ચા કરી એવુ ઠરાવવામાં આવેલ છે કે, આરોપી દ્ધારા પોલીસ તપાસ દરમ્યાન પોલીસ અમલદાર સમક્ષ કરવામાં આવેલી કબુલાત પુરાવામાં પ્રસ્તુત નથી અથવા આરોપીની વિરુદ્ધ પુરાવામાં સાબિત કરી શકાય નહીં. આ ચુકાદાની હકીકત ધ્યાને લેવામાં આવે તો, આરોપી દ્ધારા તેઓના પરિવારના ચાર સભ્યોનું ખુન કરવામાં આવેલ અને આરોપીએ ખુદ પોલીસ સ્ટેશને જઈને ગુનાની પ્રથમ માહિતી અહેવાલ આપેલ હતી.

ત્યારબાદ, આરોપી વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી ચાલી જતા નામદાર સેશન્સ અદાલત તથા નામદાર હાઈકોર્ટ દ્વારા આરોપીને ફાંસીની સજાનો હુકમ કરવામાં આવેલ અને આ હુકમને નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષ પડકારવામાં આવતા, નામદાર સર્વોચ્ચ અદાલતે ભારતીય પુરાવા અધિનિયમની ઉપરોક્ત કલમો લક્ષમાં લઈ, આરોપી દ્વારા પોલીસ સમક્ષ આપવામાં આવેલ પ્રથમ માહિતી અહેવાલ કે જે કબુલાત સ્વરૂપની હતી તે તમામ લક્ષમાં લઈ એવુ ઠરાવવામાં આવેલ છે કે, આરોપી દ્વારા પ્રથમ માહિતી અહેવાલમાંથી ગુના સંદર્ભેની "**સ્પષ્ટ કબુલાત**" દુર કરવામાં આવે તો, તેઓને ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો નથી તેમજ આરોપી દ્વારા પોલીસ સમક્ષ જે માહિતી આપવામાં આવેલ અને તે માહિતીના આધારે જે સ્થળેથી શબ મળી આવેલ તે અને લોહીના ચિહ્ન સજા કરવા માટે પુરતા નથી. તે તમામ સંજોગોમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ.

**Supreme Court of India**
**1966 AIR 119,**
**AGHNOO NAGESIA Vs. STATE OF BIHAR**
**Dtd. 04/05/1965**

The appellant was tried for murder. The principal evidence against him consisted of a first information report containing a full confession of the crime. The appellant was convicted under s. 302 Indian Penal Code by the trial court and the High Court upheld the conviction, By special leave he appealed to the Supreme Court. **The question before the court was whether the whole confessional statement in the first information report was banned by s. 25 of the Evidence Act or only those portions of it were barred which related to the actual commission of the crime.**

The first information of the offences was lodged by the appellant himself at police station Palkot on August 11, 1963 at 3-15 p.m. The information was reduced to writing by the officerin-charge,Sub-Inspector H. P. Choudhury, and the appellant affixed his left thumb-impression on the report. The Sub Inspector immediately took cognizance of the offence, and arrested the appellant.

**8.** On behalf of the appellant, it is contended that the entire statement is a confession made to a police officer and is not provable against the appellant, having regard to S. 25 of the Indian Evidence Act, 1872. On behalf of the respondent, it is contended that S. 25 protects only those portions of the statement which disclose the killings by the appellant and the rest of the statement is not protected by s. 25. Section 25 of

the Evidence Act is one of the provisions of law dealing with confessions made by an accused. The law relating to confessions is to be found generally in ss. 24 to 30 of the Evidence Act and ss. 162 and 164 of the Code of Criminal Procedure, 1898. Sections 17 to 31 of the Evidence Act are to he found under the heading "Admissions". Confession is a species of admission, and is dealt with in ss. 24 to 30. A confession or an admission is evidence against the maker of it, unless its admissibility is excluded by some provision of law. Section 24 excludes confessions caused by certain inducements, threats and promises. Section 25 provides : "No confession made to a police officer, shall be proved as against a person accused of an offence." The terms of s. 25 are imperative. A confession made to a police officer under any circumstances is not admissible in evidence against the accused. It covers a confession made when he was free and not in police custody, as also a confession made before any investigation has begun. The expression "accused of any offence" covers a person accused of an offence at the trial whether or not he was accused of the offence when he made the confession. Section 26 prohibits proof against any person of a confession made by him in the custody of a police officer, unless it is made in the immediate presence of a Magistrate. The partial ban imposed by S. 26 relates to a confession made to a person other than a police officer. Section 26 does not qualify the absolute ban imposed by s. 25 on a confession made to a police officer. Section 27 is in the form of a proviso, and partially lifts the ban imposed by ss. 24, 25 and 26. It provides that when any fact is deposed to as discovered in consequence of information received from a person accused of any offence, in the custody of a police officer, so much of such information, whether it amounts to a confession or not, as relates distinctly to the fact thereby discovered, may be proved. Section 162 of the Code of Criminal Procedure forbids the use of any statement made by any person to a police officer in the course of an investigation for any purpose at any enquiry or trial in respect of the offence Order investigation, save as mentioned in the proviso and in cases falling under sub-s (2), and it specifically provides that nothing in it shall be deemed to affect the provisions of S. 27 of the Evidence Act. The words of s. 162 are wide enough to include a confession made to a police officer in the course of an investigation. A statement or confession made in the course of an investigation may be recorded by a Magistrate under s. 164 of the Code of Criminal Procedure subject to the safeguards imposed by the section. Thus, except as provided by s. 27 of the Evidence Act, a confession by an accused to a police office- is absolutely protected under s. 25 of the Evidence Act, and if it is made in the course of an investigation, it is also protected by s. 162 of the Code of Criminal Procedure, and a confession to any other person made by him while in the custody of a police officer is protected by S. 26, unless it is made in the immediate presence of a Magistrate. These provisions seem to proceed upon the view that confessions made by an accused to a police

officer or made by him while he is in the custody of a police officer are not to be trusted, and should not be used in evidence against him. They are based upon grounds of public policy, and the fullest effect should be given to them. Section 27 applies only to information received from a person accused of an offence in the custody of a police officer. Now, the Sub Inspector stated that he arrested the appellant after he gave the first information report leading to the discovery. Prima facie, therefore, the appellant was not in the custody of a police officer when he gave the report, unless it can be said that he was the in constructive custody. On the question whether a person directly giving to a police officer information which may be used as evidence against him -may be deemed to have submitted himself to the custody of the police officer within the meaning of s. 27, there is conflict of opinion. See the observations of Shah, J. and Subba Rao, J. in State of U.P. v. Deoman Upadhyaya(1). For the purposes of the case, we shall assume that the appellant was constructively in police custody and therefore the information contained in the first information report leading to the discovery of the dead bodies and the tangi is admissible in evidence. The entire evidence against the appellant then consists of the fact that the appellant gave **information as to the place where the dead bodies were lying and as to the place where he concealed the tan,-,', the discovery of the dead bodies** and the tangi in consequence of the information, the discovery of a blood-stained chadar from the appellant's house and the fact that he had gone to Dungi Jharan Hills on the morning of August 11, 1963. **This evidence is not sufficient to convict the appellant of the offenses under s. 302 of the Indian Penal Code.**

(૧૮) વધુમાં ફરિયાદપક્ષે આ કામે આરોપીઓ સામે ગુજરાત પોલીસ એકટ ૧૩૫ મુજબના ગુનાનો જે તહોમત ઘડવામાં આવેલ છે, સદર કામે તપાસ કરનાર અમલદાર દ્વારા આંક-૬૦ થી હથિયારબંધીનું જાહેરનામુ રજૂ કરેલ છે, પરંતુ ફરીયાદપક્ષ દ્વારા જાહેરનામા અનુસંધાને જિલ્લા મેજિસ્ટ્રેટ સુરતની કચેરીના કોઈ સાહેદનો પુરાવો રજુ થયેલ નથી. વધુમાં સદર જાહેરનામાની પ્રસિધ્ધી જાહેરાત સમાચારપત્રકો, ગામ કે શહેરની મુખ્ય જગ્યાએ તથા કચેરીઓ ખાતે લોકો દ્વારા વંચાણે લઈ શકાય તેમ પ્રસિધ્ધ કરેલ હોય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ તર્ફે રજૂ કરવામાં આવેલ નથી. આમ, બનાવ સમયે આરોપીઓએ જાહેરનામાનો ભંગ કરેલ છે તેમ કહી શકાય નહી. જેથી આરોપીઓ વિરૂધ્ધ ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબનો ગુનો સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ હોઈ સદર જી.પી.એકટની કલમ-૧૩૫ અન્વયે કસુરવાન ઠરાવી શકાય નહી.

**ઉપસંહાર :–**

(૧૯) આમ, આ કામે રેકર્ડ પર આવેલ સમગ્ર પુરાવાનુ બારીકાઈથી મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદ પક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧, ૧૦૨ મુજબ પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવાનો હોય છે જે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તેમજ સમગ્ર રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, તા.૧૬/૦૫/૨૦૨૩ ના રોજ કલાક ૦૧:૩૦ વાગ્યાથી કલાક ૦૩:૦૦ વાગ્યાના સમય દરમિયાન આ કામે પકડાયેલ આરોપી નં.(૧) તથા આ કામના વોન્ટેડ આરોપી દેવેન્દ્રસિંગ મોહનસિંગ નાઓ તથા શ્રવણસિંગ પ્રભુસિંગ નાઓએ મોજે વાડી ગામે વાડીથી ઝંખવાવ જતા નેશનલ હાઈવે નં.૫૬, ઉપર આવેલ વિજયલક્ષ્મી નાયરા પેટ્રોલપંપની પાછળની દિવાલ કુદી ગેરકાયદેસર રીતે અંદર પ્રવેશ કરી પેટ્રોલપંપની મેનેજરની ઓફીસમાં અપપ્રવેશ કરી અંદર મૂકેલ તિજોરીનો ચપ્પુ વડે લોક તોડી તિજોરીમાં મુકેલ કુલ રૂ.૩,૮૦,૦૦૦/– ની રોકડ રકમની ચોરી કરી લઈ જ એકબીજાની મદદગારી કરી તથા મહે. જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલાના તહોમતની હકિકતોને સમર્થન મળતુ નથી. આમ, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી **મુદ્દા નંબર ૦૧ ના નિર્ણય નકારમાં** આપવામાં આવે છે, અને **મુદ્દા નંબર ૦૨** અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : આખરી હુકમ : –**

(૧) આ કામના (ફોજદારી કેસ નં. ૩૧૬/૨૦૨૪) આરોપી નં.(૧) દિનેશ બસ્તીમલ લુહાર, રહે. ઈશરો કા બાડીયા, થાના કરેડા, જિ.ભીલવાડા (રાજસ્થાન) તથા (ફોજદારી કેસ નં .૩૫/૨૦૨૫) આરોપી નં.(૨) શ્રવણસિંગ પ્રભુસિંગ રાવત, રહે.કિનારા કા બાડીયા, રાયરા કલા પંચાયત, તા.સોજત, થાના બગડીનગર, જિ.પાલી (રાજસ્થાન) નાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ–૩૮૦, ૪૫૭, ૧૧૪ તથા જી.પી. એકટ કલમ – ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ની કલમ–૪૩૭(ક) મુજબના અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન રજુ રાખવા.

(૩) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ હથિયારનો અપીલ સમય વિત્યે કાયદા અનુસાર નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

(૪) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ રોકડ રકમ અંગે વચગાળાનો હુકમ થયેલ હોય તો કાયમ રાખવા અન્યથા મુદ્દામાલ રોકડ રકમના માલિકીની ખરાઈ કરી અપીલ સમય વિત્યા બાદ કાયદા અનુસાર મુદ્દામાલ પરત સોંપવા હુકમ કરવામાં આવે છે.

(૫) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ પેનડ્રાઈવમાં રહેલ ડેટાનો અપીલ સમય બાદ કાયદા અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૭મી, માહે માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૭/૦૩/૨૦૨૬
સ્થળ:ઉમરપાડા, જિ.સુરત

( વિપુલભાઈ નાગરભાઈ પટેલ )
જ્યુડી. મેજિ. ફર્સ્ટ કલાસ,
ઉમરપાડા, જિ.સુરત ( જીજે૦૧૭૬૬ )